**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૨૨૧/૨૦૧૯**

**સાથે**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૩૭૦/૨૦૧૯**

**સાથે**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૩૯/૨૦૧૯**

**સાથે**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૪૫/૨૦૧૯**

**સાથે**

**આર/રીટ પીટીશન (પીઆઈએલ) નં. ૧૭૦/૨૦૧૯ સાથે**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૨૯૭/૨૦૧૯**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વિક્રમ નાથ**

**અને**

**માનનીય ન્યાયમુર્તીશ્રી આશુતોષ જે. શાસ્રી**

=================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | હા. |
| ૨ | રીપોર્ટરો તરફ મોકલવામાં આવે કે નહિં? | હા. |
| ૩ | શું માનનીય ન્યાયમુર્તિઓ ચુકાદાની વાજબી નકલ જોવા માંગે છે? | ના. |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના. |

==========================================================

મનીષ જીતેન્દ્રકુમાર શાહ

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય

==========================================================

ઉપસ્થીતી:

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૨૨૧/૨૦૧૯ અને ૧૬૩૭૦/૨૦૧૯ માં અરજદાર નં. ૧, ૨, ૩, ૪ તર્ફે શ્રી બી. એમ. મંગુકિયા (૪૩૭)

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૨૨૧/૨૦૧૯ અને ૧૬૩૭૦/૨૦૧૯ માં અરજદાર નં. ૧, ૨, ૩, ૪ તર્ફે સુશ્રી બેલા એ. પ્રજાપતિ (૧૯૪૬)

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૨૯૭/૨૦૧૯ અને ૧૬૫૪૫/૨૦૧૯ માં અરજદારો તર્ફે શ્રી ધવલ ડી. વ્યાસ

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૩૯/૨૦૧૯ માં અરજદારો તર્ફે શ્રી અર્પિત એ. કાપડિયા

સામાવાળા નં. ૨, ૩ તર્ફે રીટ પીટીશન (પીઆઇએલ) નં. ૧૭૦/૨૦૧૯ માં અરજદારો તર્ફે શ્રી વિશ્વાસ કે. શાહ

તમામ અરજીઓમાં સામાવાળા–રાજ્ય તર્ફે સરકારી વકીલ સુશ્રી મનીષા લવકુમાર શાહ સાથે મદદનીશ સરકારી વકીલ સુશ્રી ઐશ્વર્યા ગુપ્તા અને મદદનીશ સરકારી વકીલ શ્રી ચિંતન દવે.

================================================================

**કોરમ: માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વિક્રમ નાથ**

**અને**

**માનનીય ન્યાયમુર્તીશ્રી આશુતોષ જે. શાસ્રી**

================================================================

તારીખ : ૨૪/૦૭/૨૦૨૦

સંયુક્ત સીએવી ચુકાદો

(દ્વારા : માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વિક્રમ નાથ)

૧ રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ અને તેના નિર્ણયની ચર્ચા કરવાનું શરૂ કરતા પહેલાં બે ચેતવણીઓ .

૨ આપણી સમક્ષ ઉપસ્થિત કરવામાં આવેલા વર્તમાન મુદ્દાએ આપણને વ્યાવહારિકતાના દ્રષ્ટિકોણથી એક જોગવાઈના બંધારણની તપાસ કરવાની તક આપી છે અને કાયદો સમાજની જરૂરિયાતોને કેવી રીતે પ્રતિસાદ આપે છે અને કાયદો ટેકનોલોજીમાં પ્રગતિને અપનાવવામાં કેવી રીતે સક્રિય રહ્યો છે તેની વધુ તપાસ કરવા માટે સક્ષમ બનાવ્યા છે. કાયદાનું સ્વરૂપ ગતિશીલ છે, સામાજિક પરિવર્તનના મોજાઓને પ્રતિસાદ આપે છે અને કાયદો કોઈ પણ સંજોગોમાં, સમયવિપરીત હોઈ શકે નહીં. આ તબક્કે, આપણે ગ્રીક ફિલસૂફ, "હેરાક્લિટસ" ના પ્રખ્યાત શબ્દોને ટાંકવા માંગીએ છીએ, જેમણે કહ્યું હતું કે "જીવનમાં માત્ર એક જ સતત બાબત છે 'પરિવર્તન'". અને આ જ બાબત કાયદાને પણ લાગુ પડે છે, જેના પર સમાજમાં વ્યવસ્થા જાળવવાનો બોજ રહેલો છે અને કાયદાનું આ સતત બદલાતું અને જીવંત સ્વરૂપ જ સમાજના મૂળભૂત માળખાનું જતન કરે છે. કાનૂની ક્ષેત્રમાં એવા ઘણા ઉદાહરણો છે, જ્યાં કેટલાક સામાજિક ફેરફારોને કારણે, કાયદાએ અસરકારક રીતે વિકસિત થઈને પ્રતિસાદ આપવો પડ્યો છે.

૩ ગુજરાત રાજ્ય માટે સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત કાયદામાં સમયાંતરે ફેરફારો થયા છે, વર્ષ ૧૯૯૯ માં ફ્રેન્કિંગ મશીનોની શરૂઆત સાથે, વર્ષ ૨૦૦૭ માં ઈ–સ્ટેમ્પિંગ સિસ્ટમ હેઠળ મેળવેલી પહોંચ ચલણ અથવા પ્રમાણપત્ર અને હવે ગેર–ન્યાયિક ભૌતિક સ્ટેમ્પ પેપરના ઉપયોગને નાબૂદ કરવા સાથે, કાયદાના આ ક્ષેત્રમાં એક નવા યુગનો પ્રારંભ થયો છે અને આ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે કે કાયદો અને ઉત્ક્રાંતિ કેવી રીતે એક સાથે ચાલે છે.

૪ કાયદાની જોગવાઈની બંધારણીય વૈધતાની તપાસ કરવામાં અદાલતનો અભિગમ સુસ્થાપિત છે. વર્તમાન મુકદ્દમામાં ઉઠાવવામાં આવેલા મુદ્દા જેવા મુદ્દાનો સામનો કરતી વખતે, અદાલતે જોગવાઈની કાયદેસરતા નક્કી કરવા માટે માર્ગદર્શક બળ તરીકે કાયદો ઘડવાના "કારણ અને હેતુ" નો ઉપયોગ કરવો જોઈએ. આપણે એવું અર્થઘટન આપવાનો પ્રયાસ કરવો જોઈએ જે અધિનિયમના હેતુ સાથે જોગવાઈના સંબંધને તેની સંપૂર્ણતામાં શોધશે. જો ચકાસણી હેઠળની જોગવાઈ મુખ્ય કાયદાના "કારણ અને હેતુ" સાથે સુસંગત હોય, તો અરજદારો દ્વારા આક્ષેપ કરાયા મુજબ કારોબારી દ્વારા કોઈ સામગ્રીની અસર વિનાનું નાનું ઉલ્લંઘન, આવી જોગવાઈની બંધારણીય વૈધતાને માન્ય રાખવાના આપણા માર્ગમાં આવશે નહીં.

૫ છ અરજીઓનો આ સમૂહ પ્રાથમિક રીતે ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ (જેને હવે પછી "૧૯૮૭ ના નિયમો" તરીકે ઓળખવામાં આવશે) ના નિયમ ૮એ ને ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (જેને હવે પછી "૧૮૯૯ નો અધિનિયમ" તરીકે ઓળખવામાં આવશે) અને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (જેને હવે પછી "૧૯૫૮ નો અધિનિયમ" તરીકે ઓળખવામાં આવશે) ની જોગવાઈઓથી અતિ–અધિકાર જાહેર કરવાની રાહત માટે દાખલ કરવામાં આવ્યો છે. છ અરજીઓમાં માંગવામાં આવેલી રાહતો નીચે મુજબ સમાવવામાં આવેલ છે:

***સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૨૨૧ / ૨૦૧૯:***

"(એ) પરમાદેશની રીટ અથવા પરમાદેશના સ્વરૂપમાં રીટ અથવા અન્ય કોઈ યોગ્ય રીટ, આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો અને ઠરાવવા અને જાહેર કરવા કૃપા કરશો કે વેચાણ નિયમોનો નિયમ ૮એ એ આઈ.એસ. એક્ટની જોગવાઈથી અતિ–અધિકાર છે.

(બી) વર્તમાન અરજીના દાખલ કરવા અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, વેચાણ નિયમોના આક્ષેપિત નિયમ ૮એ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો.

(સી) યોગ્ય અને વ્યાજબી જણાય તેવા અન્ય અને વધુ આદેશો પસાર કરવા કૃપા કરશો."

***સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૩૭૦ / ૨૦૧૯:***

"(એ) પરમાદેશની રીટ અથવા પરમાદેશના સ્વરૂપમાં રીટ અથવા અન્ય કોઈ યોગ્ય રીટ, આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો અને ઠરાવવા અને જાહેર કરવા કૃપા કરશો કે વેચાણ નિયમોનો નિયમ ૮એ એ સ્ટેમ્પ એક્ટની જોગવાઈથી અતિ–અધિકાર છે.

(બી) વર્તમાન અરજીના દાખલ કરવા અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, વેચાણ નિયમોના આક્ષેપિત નિયમ ૮એ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો.

(સી) યોગ્ય અને વ્યાજબી જણાય તેવા અન્ય અને વધુ આદેશો પસાર કરવા કૃપા કરશો."

***સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૩૯ / ૨૦૧૯:***

*"(એ) આપના ન્યાયમૂર્તિશ્રી આ અરજીને દાખલ કરવા અને મંજૂર કરવા કૃપા કરશો;*

*(બી) આપના ન્યાયમૂર્તિશ્રી જાહેરનામા તારીખ ૨૩.૦૮.૨૦૧૯ ક્રમાંક જીએચએમ/૨૦૧૯/૭૫/એમ/એસટીપી/૧૨૨૦૧૯/૧૦૩૫/એચ. ૧ – જે ગુજરાત સ્ટેમ્પ (ઈ સ્ટેમ્પિંગ દ્વારા ડ્યુટીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૯ ને અમલમાં મૂકે છે તેને ગેરબંધારણીય અને અતિ–અધિકાર હોવા તરીકે રદ અને બાતલ કરવા માટે પરમાદેશની રીટ અથવા અન્ય કોઈ યોગ્ય રીટ આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો; (એનેક્ચર એ)*

*(સી) આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ ને રદ અને બાતલ કરવા માટે યોગ્ય રીટ આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો; (એનેક્ચર બી)*

*(ડી) આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૧૬.૦૯.૨૦૧૯ ક્રમાંક એસટીપી/લો/૫૧/૨૦૧૯/૧૪૯૬૭–*

૧૫૦૦૨ ને રદ અને બાતલ કરવા માટે યોગ્ય રીટ આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો;

(ઈ) વર્તમાન અરજીના દાખલ થવા, સુનાવણી અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૧ દ્વારા જારી કરાયેલ જાહેરનામા તારીખ ૨૩.૦૮.૨૦૧૯ ક્રમાંક જીએચએમ/ ૨૦૧૯/ ૭૫/ એમ/ એસટીપી/ ૧૨૨૦૧૯/ ૧૦૩૫/એચ.૧ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો; (એનેક્ચર 'એ') અને સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ અને ૧૬.૦૯.૨૦૧૯ પર પણ સ્ટે આપવા કૃપા કરશો; (અનુક્રમે એનેક્ચર 'બી' અને 'સી')

(એફ) આપના ન્યાયમૂર્તિશ્રી ન્યાયના હિતમાં ન્યાયી અને યોગ્ય જણાય તેવી અન્ય અને વધુ રાહતો પસાર કરવા કૃપા કરશો."

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૨૯૭ / ૨૦૧૯:**

"એ. નામદાર અદાલત પરમાદેશની રીટ અથવા પરમાદેશના સ્વરૂપમાં રીટ અથવા અન્ય કોઈ યોગ્ય રીટ, આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો અને ઠરાવવા અને જાહેર કરવા કૃપા કરશો કે વેચાણ નિયમોનો નિયમ ૮એ એ અધિનિયમની જોગવાઈથી અતિ-અધિકાર છે;

બી. આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ અને પરિપત્ર તારીખ ૧૬.૦૯.૨૦૧૯ ક્રમાંક એસટીપી/લો/૫૧/૨૦૧૯/૧૪૯૬૭-૧૫૦૦૨ ને રદ અને બાતલ કરવા માટે યોગ્ય રીટ આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો;

સી. વર્તમાન અરજીના દાખલ કરવા અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, વેચાણ નિયમોના આક્ષેપિત નિયમ ૮એ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો;

ડી. વર્તમાન અરજીના દાખલ થવા, સુનાવણી અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૧ દ્વારા જારી કરાયેલ જાહેરનામા તારીખ ૨૩.૦૮.૨૦૧૯ ક્રમાંક જીએચએમ/ ૨૦૧૯/ ૭૫/ એમ/ એસટીપી/ ૧૨૨૦૧૯/ ૧૦૩૫/એચ.૧ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો; અને સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ અને ૧૬.૦૯.૨૦૧૯ પર પણ સ્ટે આપવા કૃપા કરશો;

ઈ. વર્તમાન અરજીના દાખલ થવા, સુનાવણી અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, આપના ન્યાયમૂર્તિશ્રી અધિનિયમ અને તેના હેઠળ ઘડાયેલા નિયમોની જોગવાઈ અનુસાર સ્ટેમ્પ વેન્ડરોને સ્ટેમ્પ પેપરનો પુરવઠો બંધ કરવાથી સામાવાળા સત્તામંડળોને રોકવા કૃપા કરશો અને વધુમાં

*સામાવાળા સત્તામંડળને અધિનિયમ અને તેના હેઠળ ઘડાયેલા નિયમો મુજબ અરજદારને સ્ટેમ્પ વેચતા અટકાવવા નહીં તેવો આદેશ આપવા કૃપા કરશો:*

*એફ. ન્યાયના હિતમાં જરૂરી હોય તેવા અન્ય અને વધુ આદેશ/ઓ પસાર કરવા."*

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૪૫ / ૨૦૧૯:**

*"એ. નામદાર અદાલત પરમાદેશની રીટ અથવા પરમાદેશના સ્વરૂપમાં રીટ અથવા અન્ય કોઈ યોગ્ય રીટ, આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો અને ઠરાવવા અને જાહેર કરવા કૃપા કરશો કે વેચાણ નિયમોનો નિયમ ૮એ એ અધિનિયમની જોગવાઈથી અતિ-અધિકાર છે;*

*બી. આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ અને પરિપત્ર તારીખ ૧૬.૦૯.૨૦૧૯ ક્રમાંક એસટીપી/લો/૫૧/૨૦૧૯/૧૪૯૬૭-૧૫૦૦૨ ને રદ અને બાતલ કરવા માટે યોગ્ય રીટ આદેશ અથવા દિશા નિર્દેશ જારી કરવા કૃપા કરશો;*

*સી. વર્તમાન અરજીના દાખલ કરવા અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, વેચાણ નિયમોના આક્ષેપિત નિયમ ૮એ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો;*

ડી. વર્તમાન અરજીના દાખલ થવા, સુનાવણી અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, આપના ન્યાયમૂર્તિશ્રી સામાવાળા નં. ૧ દ્વારા જારી કરાયેલ જાહેરનામા તારીખ ૨૩.૦૮.૨૦૧૯ ક્રમાંક જીએચએમ/૨૦૧૯/૭૫/એમ/એસટીપી/૧૨૨૦૧૯/૧૦૩૫/એચ. ૧ ના અમલીકરણ, નિષ્પાદન અને કામગીરી પર સ્ટે આપવા કૃપા કરશો; અને સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલ પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ અને ૧૬.૦૯.૨૦૧૯ પર પણ સ્ટે આપવા કૃપા કરશો;

ઈ. વર્તમાન અરજીના દાખલ થવા, સુનાવણી અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, આપના ન્યાયમૂર્તિશ્રી અધિનિયમ અને તેના હેઠળ ઘડાયેલા નિયમોની જોગવાઈ અનુસાર સ્ટેમ્પ વેન્ડરોને સ્ટેમ્પ પેપરનો પુરવઠો બંધ કરવાથી સામાવાળા સત્તામંડળોને રોકવા કૃપા કરશો અને વધુમાં સામાવાળા સત્તામંડળને અધિનિયમ અને તેના હેઠળ ઘડાયેલા નિયમો મુજબ અરજદારને સ્ટેમ્પ વેચતા અટકાવવા નહીં તેવો આદેશ આપવા કૃપા કરશો:

એફ. ન્યાયના હિતમાં જરૂરી હોય તેવા અન્ય અને વધુ આદેશ/ઓ પસાર કરવા."

**રીટ પિટિશન (પીઆઇએલ) નં. ૧૭૦ / ૨૦૧૯:**

"એ) ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો ૧૯૮૭ ના નિયમ ૮એ ને ભારતના બંધારણ, ૧૯૫૦ અને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (૧૯૫૮ નો અધિનિયમ નં. એલએક્સ) અને ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (૧૮૯૯ નો અધિનિયમ ૨) થી અતિ–અધિકાર જાહેર કરવા કૃપા કરશો.

બી) આ નામદાર અદાલતને યોગ્ય લાગે તેટલી મુદત/સમય માટે ગુજરાત રાજ્યમાં પરવાના ધરાવતા વેન્ડરો મારફતે ગેર–ન્યાયિક સ્ટેમ્પ પેપરનું વેચાણ કરવાની મંજૂરી આપવા માટે સામાવાળાઓને આદેશ આપવા કૃપા કરશો.

સી) આ અરજીની સુનાવણી અને દાખલ થવા સુધી, ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો ૧૯૮૭ ના નિયમ ૮એ ના અમલ, અસર અને નિષ્પાદન પર સ્ટે આપવા કૃપા કરશો.

ડી) આ અરજીની સુનાવણી અને દાખલ થવા સુધી, પરવાના ધરાવતા વેન્ડરોને ગેર–ન્યાયિક સ્ટેમ્પ પેપર્સ (ભૌતિક) વેચવાની મંજૂરી આપવા કૃપા કરશો અને સામાવાળા નં.૧ ને તેને કાયદેસર ગણવા આદેશ આપવા કૃપા કરશો."

૬ અમે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૨૨૧ / ૨૦૧૯ અને ૧૬૩૭૦ / ૨૦૧૯ માં અરજદારોના વિદ્વત્ વકીલશ્રી બી. એમ. માંગુકિયા,

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૨૯૭ / ૨૦૧૯ અને ૧૬૫૪૫ / ૨૦૧૯ માં અરજદારોના વિદ્ધત્ વકીલશ્રી ધવલ ડી. વ્યાસ, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૩૯ / ૨૦૧૯ માં અરજદારોના વિદ્ધત્ વકીલશ્રી અર્પિત એ. કાપડિયા, રીટ પિટિશન (પીઆઈએલ) નં. ૧૭૦ / ૨૦૧૯ માં અરજદારોના વિદ્ધત્ વકીલશ્રી વિશ્વાસ કે. શાહ અને સામાવાળા રાજ્ય સત્તામંડળો તરફથી વિદ્ધત્ સરકારી વકીલશ્રી મનીષા એલ. શાહ સાથે વિદ્ધત્ સહાયક સરકારી વકીલશ્રી ઐશ્વર્યા ગુપ્તા અને વિદ્ધત્ સહાયક સરકારી વકીલશ્રી ચિંતન દવેને સાંભળ્યા છે.

**કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ**

૭ સંબંધિત દલીલો પર વિચાર કરતા પહેલા, અમે ખાસ કરીને ભારત અને ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત બંધારણીય જોગવાઈઓ તેમજ વૈધાનિક જોગવાઈઓની ટૂંકી પૃષ્ઠભૂમિ આપી શકીએ છીએ. ૧૮૯૯ માં, ભારતીય સ્ટેમ્પ અધિનિયમ સ્ટેમ્પ સંબંધિત કાયદાને એકત્રિત કરવા અને સુધારવાના હેતુથી પ્રખ્યાપિત કરવામાં આવ્યો હતો.

**ભારતના બંધારણની જોગવાઈઓ**

૮ ભારતના બંધારણના ભાગ–૧૧ માં અનુચ્છેદ ૨૪૫ થી ૨૬૩ સમાવતા બે પ્રકરણો છે. તે સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો સાથે વ્યવહાર કરે છે. તેનું

પ્રકરણ–૧ કાયદાકીય સંબંધો એટલે કે કાયદાકીય સત્તાઓની વહેંચણી સાથે વ્યવહાર કરે છે જ્યારે પ્રકરણ–૨ વહીવટી સંબંધો સાથે વ્યવહાર કરે છે.

૯ અનુચ્છેદ ૨૪૫ સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓનો વ્યાપ પૂરો પાડે છે, જે સંસદને ભારતના સમગ્ર અથવા કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની સત્તા આપે છે અને રાજ્યના વિધાનમંડળને સમગ્ર રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની સત્તા આપે છે.

૧૦ અનુચ્છેદ ૨૪૬ સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાની વિષયવસ્તુ પૂરી પાડે છે. તેનો ખંડ (૧) પૂરો પાડે છે કે ખંડ (૨) અને (૩) માં કંઈપણ હોવા છતાં, સંસદ પાસે સાતમી અનુસૂચિમાં સૂચિ–૧ માં ગણાવેલ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા હશે જેને "સંઘ સૂચિ" તરીકે ઓળખવામાં આવે છે. ખંડ (૨) પૂરો પાડે છે કે ખંડ (૩) માં કંઈપણ હોવા છતાં, સંસદ અને ખંડ (૧) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે સાતમી અનુસૂચિમાં સૂચિ–૩ માં ગણાવેલ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની સત્તા હશે જેને "સમવર્તી સૂચિ" તરીકે ઓળખવામાં આવે છે. ખંડ (૩) પૂરો પાડે છે કે ખંડ (૧) અને (૨) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે સાતમી અનુસૂચિમાં સૂચિ–૨ માં ગણાવેલ કોઈપણ બાબતોના સંબંધમાં તેવા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા હશે

જેને "રાજ્ય સૂચિ" તરીકે ઓળખવામાં આવે છે. ખંડ (૪) સંસદને રાજ્યમાં સમાવિષ્ટ ન હોય તેવા ભારતના પ્રદેશના કોઈપણ ભાગ માટે કોઈપણ બાબતના સંબંધમાં કાયદા બનાવવાની સત્તા આપે છે, ભલે તે બાબત રાજ્ય સૂચિમાં ગણાવેલ હોય.

૧૧ બંધારણનો અનુચ્છેદ ૨૫૪ સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓ અને આપેલ સંજોગોમાં રાજ્યોના વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓ વચ્ચે અસંગતતાના કિસ્સામાં સંસદને સર્વોચ્ચતા અને પ્રાધાન્ય આપે છે.

૧૨ અનુચ્છેદ ૨૪૫, ૨૪૬ અને ૨૫૪ નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવ્યા છે:–

> ***"૨૪૫. સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓનો વ્યાપ.–***
>
> (૧) આ બંધારણની જોગવાઈઓને આધીન રહીને, સંસદ ભારતના સમગ્ર અથવા કોઈપણ ભાગના પ્રદેશ માટે કાયદા બનાવી શકશે, અને રાજ્યનું વિધાનમંડળ સમગ્ર અથવા રાજ્યના કોઈપણ ભાગ માટે કાયદા બનાવી શકશે. (૨) સંસદ દ્વારા બનાવવામાં આવેલો કોઈપણ કાયદો તે ક્ષેત્રાતીત અમલીકરણ ધરાવશે તેવા આધાર પર અમાન્ય ગણાશે નહીં.

***૨૪૬. સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાની વિષયવસ્તુ.–***

(૧) ખંડ (૨) અને (૩) માં કંઈપણ હોવા છતાં, સંસદ પાસે સાતમી અનુસૂચિમાં સૂચિ ૧ માં ગણાવેલ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા છે (આ બંધારણમાં જેને "સંઘ સૂચિ" તરીકે ઓળખવામાં આવે છે).

(૨) ખંડ (૩) માં કંઈપણ હોવા છતાં, સંસદ અને, ખંડ (૧) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે પણ સાતમી અનુસૂચિમાં સૂચિ ૩ માં ગણાવેલ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની સત્તા છે (આ બંધારણમાં જેને "સમવર્તી સૂચિ" તરીકે ઓળખવામાં આવે છે).

(૩) ખંડ (૧) અને (૨) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે સાતમી અનુસૂચિમાં સૂચિ ૨ માં ગણાવેલ કોઈપણ બાબતોના સંબંધમાં તેવા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા છે (આ બંધારણમાં જેને "રાજ્ય સૂચિ" તરીકે ઓળખવામાં આવે છે).

(૪) રાજ્યમાં સમાવિષ્ટ ન હોય તેવા ભારતના પ્રદેશના કોઈપણ ભાગ માટે કોઈપણ બાબત રાજ્ય સૂચિમાં ગણાવેલ બાબત હોવા છતાં સંસદ પાસે કાયદા બનાવવાની સત્તા છે."

***"૨૫૪. સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓ અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓ વચ્ચે અસંગતતા.–***

(૧) જો રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવાયેલ કાયદાની કોઈ જોગવાઈ સંસદ દ્વારા બનાવાયેલ કાયદાની કોઈ જોગવાઈ કે જેને ઘડવા માટે સંસદ સક્ષમ છે, અથવા સમવર્તી સૂચિમાં ગણાવેલ બાબતોમાંની એક બાબત સંબંધિત વિહરમાન કાયદાની કોઈ જોગવાઈથી પ્રતિકૂળ હોય, તો ખંડ (૨) ની જોગવાઈઓને આધીન રહીને, સંસદ દ્વારા બનાવાયેલ કાયદો, ભલે તે રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવાયેલ કાયદા પહેલાં કે પછી પસાર થયો હોય, અથવા, પરિસ્થિતિ મુજબ, વિહરમાન કાયદો પ્રબળ રહેશે અને રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવાયેલ કાયદો, પ્રતિકૂળતાની હદ સુધી, રદબાતલ ગણાશે.

(૨) જ્યાં સમવર્તી સૂચિમાં ગણાવેલ બાબતોમાંની એક બાબતના સંબંધમાં રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલા કાયદામાં સંસદ દ્વારા બનાવવામાં આવેલા અગાઉના કાયદા અથવા તે બાબતના સંબંધમાં વિહરમાન કાયદાની જોગવાઈઓથી પ્રતિકૂળ હોય તેવી કોઈ

જોગવાઈ હોય, તો તેવા રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલો કાયદો, જો તેને રાષ્ટ્રપતિશ્રીની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યો હોય અને તેમની સંમતિ મળી હોય, તો તે રાજ્યમાં પ્રબળ રહેશે:

પરંતુ આ ખંડમાંની કોઈ પણ બાબત સંસદને તે જ બાબત અંગે કોઈપણ સમયે કાયદો ઘડતા અટકાવશે નહીં, જેમાં રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવેલા કાયદામાં ઉમેરો કરવાનો, સુધારો કરવાનો, ફેરફાર કરવાનો અથવા રદ કરવાનો કાયદો સામેલ છે."

૧૩ સાતમી અનુસૂચિની સૂચિ–૧ એટલે કે સંઘ સૂચિની એન્ટ્રી–૯૧ વિનિમય પત્રો, ચેકો, વચનચિઠ્ઠીઓ, બિલ ઓફ લેડિંગ, લેટર્સ ઓફ ક્રેડિટ, વીમા પોલિસીઓ, શેરની ફેરબદલી, ડિબેન્ચર્સ, પ્રોક્સી અને પહોંચોના સંદર્ભમાં સ્ટેમ્પ ડ્યુટીના દરોનો ઉલ્લેખ કરે છે.

૧૪ સાતમી અનુસૂચિની સૂચિ–૨ એટલે કે રાજ્ય સૂચિની એન્ટ્રી–૬૩ સ્ટેમ્પ ડ્યુટીના દરો અંગે સૂચિ–૧ ની જોગવાઈઓમાં નિર્દિષ્ટ કર્યા સિવાયના દસ્તાવેજોના સંદર્ભમાં સ્ટેમ્પ ડ્યુટીના દરોનો ઉલ્લેખ કરે છે. અહીં સ્પષ્ટ કરી શકાય કે સાતમી અનુસૂચિની સૂચિ–૧ હેઠળ, સ્ટેમ્પ ડ્યુટીના દરો સંબંધિત એકમાત્ર એન્ટ્રી એન્ટ્રી–૯૧ છે.

૧૫ સાતમી અનુસૂચિની સૂચિ–૩ એટલે કે સમવર્તી સૂચિની એન્ટ્રી–૪૪ ન્યાયિક સ્ટેમ્પો મારફતે એકત્રિત કરવામાં આવતી ડ્યુટી અથવા ફી સિવાયની,

પરંતુ સ્ટેમ્પ ડ્યુટીના દરોનો સમાવેશ ન થતો હોય તેવી સ્ટેમ્પ ડ્યુટીઓનો ઉલ્લેખ કરે છે.

૧૬ ઉપર જણાવેલ ત્રણેય એન્ટ્રીઓ નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવે છે:–

**<u>સૂચિ–૧</u>**

"૯૧. વિનિમય પત્રો, ચેકો, વચનચિઠ્ઠીઓ, બિલ ઓફ લેડિંગ, લેટર્સ ઓફ ક્રેડિટ, વીમા પોલિસીઓ, શેરની ફેરબદલી, ડિબેન્ચર્સ, પ્રોક્સી અને પહોંચોના સંદર્ભમાં સ્ટેમ્પ ડ્યુટીના દરો."

***<u>સૂચિ–૨</u>***

"૬૩. સ્ટેમ્પ ડ્યુટીના દરો અંગે સૂચિ ૧ ની જોગવાઈઓમાં નિર્દિષ્ટ કર્યા સિવાયના દસ્તાવેજોના સંદર્ભમાં સ્ટેમ્પ ડ્યુટીના દરો."

***<u>સૂચિ–૩</u>***

"૪૪. ન્યાયિક સ્ટેમ્પો મારફતે એકત્રિત કરવામાં આવતી ડ્યુટી અથવા ફી સિવાયની સ્ટેમ્પ ડ્યુટીઓ, પરંતુ સ્ટેમ્પ ડ્યુટીના દરોનો સમાવેશ થતો નથી."

**ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ ની જોગવાઈઓ**

૧૭ અમે હવે ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ ની પ્રસ્તુત જોગવાઈઓનો સંદર્ભ લઈએ છીએ જે જુલાઈ, ૧૮૯૯ ના ૧ લા દિવસે સ્ટેમ્પ સંબંધિત કાયદાને એકત્રિત કરવા અને સુધારવાના હેતુથી અમલમાં આવી હતી.

૧૮ "યોગ્ય રીતે સ્ટેમ્પ કરેલ" શબ્દ કલમ ૨(૧૧) માં વ્યાખ્યાચિત થયેલ છે. લેખ ને લાગુ પડતા, "યોગ્ય રીતે સ્ટેમ્પ કરેલ" શબ્દનો અર્થ એ થાય છે કે લેખ પર યોગ્ય રકમથી ઓછી ન હોય તેવો ચોંટાડવાનો અથવા છાપેલો સ્ટેમ્પ લગાડેલ છે અને આવો સ્ટેમ્પ તત્કાલ અમલમાં હોય તેવા કાયદા અનુસાર ચોંટાડવામાં આવ્યો છે અથવા ઉપયોગમાં લેવાયો છે.

૧૯ "છાપેલો સ્ટેમ્પ" શબ્દ કલમ ૨(૧૩) માં વ્યાખ્યાચિત થયેલ છે જેમાં યોગ્ય અંકિત અધિકારી દ્વારા ચોંટાડવામાં આવેલા અને છાપવામાં આવેલા લેબલો અને સ્ટેમ્પ કરેલા કાગળ પર ઉપસાવેલા અથવા કોતરેલા સ્ટેમ્પોનો સમાવેશ થાય છે.

૨૦ કલમ ૨(૨૬) "સ્ટેમ્પ" ને રાજ્ય સરકાર દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરાયેલ કોઈપણ એજન્સી અથવા વ્યક્તિ દ્વારા કોઈપણ માર્ક, સીલ અથવા પૃષ્ઠાંકન તરીકે વ્યાખ્યાચિત કરે છે અને આ અધિનિયમ હેઠળ આકારણીપાત્ર ડ્યુટીના હેતુઓ માટે ચોંટાડવાના અથવા છાપેલા સ્ટેમ્પનો સમાવેશ કરે છે.

૨૧ ૧૮૯૯ ના અધિનિયમનું પ્રકરણ–૨ સ્ટેમ્પ ડ્યુટીઓ સાથે વ્યવહાર કરે છે, જેનો ભાગ–એ લેખોની ડ્યુટીની જવાબદારીની જોગવાઈઓને સમાવે છે અને તેનો ભાગ–બી સ્ટેમ્પો અને તેના ઉપયોગ કરવાની પદ્ધતિ સાથે વ્યવહાર કરે છે.

૨૨ ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૧૦ ડ્યુટી કેવી રીતે ચૂકવવી તે પૂરી પાડે છે. તે નીચે મુજબ વંચાય છે:

"**૧૦. ડ્યુટી કેવી રીતે ચૂકવવી.–** (૧) આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટપણે જોગવાઈ કરી હોય તે સિવાય, કોઈપણ લેખો જે ડ્યુટીને પાત્ર હોય તે તમામ ડ્યુટી ચૂકવવામાં આવશે, અને આવી ચુકવણી આવા લેખો પર સ્ટેમ્પો મારફતે દર્શાવવામાં આવશે–

(એ) અહીં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર; અથવા

(બી) જ્યારે તેને કોઈ આવી જોગવાઈ લાગુ પડતી ન હોય– ત્યારે [રાજ્ય સરકાર] નિયમ દ્વારા નિર્દેશ આપે તે મુજબ.

(૨) પેટા–કલમ (૧) હેઠળ બનાવેલા નિયમો, અન્ય બાબતોની સાથે, નિયંત્રિત કરી શકશે,–

(એ) દરેક પ્રકારના લેખના કિસ્સામાં– ઉપયોગમાં લઈ શકાય તેવા સ્ટેમ્પોનું વર્ણન;

(બી) છાપેલા સ્ટેમ્પો સાથે સ્ટેમ્પ કરેલા લેખોના કિસ્સામાં– ઉપયોગમાં લઈ શકાય તેવા સ્ટેમ્પોની સંખ્યા;

(સી) વિનિમય પત્રો અથવા વચનચિઠ્ઠીઓના કિસ્સામાં– તે જે કાગળ પર લખાયેલ છે તેનું માપ."

૨૩ વધુમાં ૧૮૯૯ ના અધિનિયમમાં, કલમ ૧૧ ચોંટાડવાના સ્ટેમ્પોના ઉપયોગનો ઉલ્લેખ કરે છે; કલમ ૧૨ ચોંટાડવાના સ્ટેમ્પો રદ કરવા સાથે વ્યવહાર કરે છે; કલમ ૧૩ છાપેલા સ્ટેમ્પોથી સ્ટેમ્પ કરાયેલા લેખો કેવી રીતે લખવા તે અંગે વ્યવહાર કરે છે; કલમ ૧૪ એક જ સ્ટેમ્પ પર માત્ર એક જ લેખ હોવા માટેની જોગવાઈ કરે છે અને કલમ ૧૫ પૂરી પાડે છે કે કલમ ૧૩ અથવા કલમ ૧૪ થી વિપરીત લખાયેલ લેખ સ્ટેમ્પ વગરનો ગણાશે.

૨૪ ૧૮૯૯ ના અધિનિયમનું પ્રકરણ–૮ પૂરક જોગવાઈઓ સાથે વ્યવહાર કરે છે. ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૪ સ્ટેમ્પોના વેચાણ અંગેના નિયમો બનાવવાની સત્તા પૂરી પાડે છે. સદર જોગવાઈ હેઠળ, રાજ્ય સરકારને સ્ટેમ્પો અને સ્ટેમ્પ કરેલા કાગળોના પુરવઠા અને વેચાણ, જેમના દ્વારા જ આવું વેચાણ કરવાનું હોય તેવા વ્યક્તિઓ અને આવી વ્યક્તિઓની ફરજો અને મહેનતાણું નિયંત્રિત કરવા માટે નિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે. જો કે, તે એક પરંતુક ઉમેરે છે જે ઉલ્લેખ કરે છે કે આવા નિયમો દસ નયા પૈસા અથવા પાંચ નયા પૈસાના ચોંટાડવાના સ્ટેમ્પોના વેચાણને મર્યાદિત કરશે નહીં. ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૫ સામાન્ય રીતે ૧૮૯૯ ના અધિનિયમનો અમલ કરવા માટે નિયમો બનાવવાની સત્તા આપે છે જેમાં રાજ્ય સરકાર સામાન્ય રીતે આ ૧૮૯૯ ના અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવવા માટે

અધિકૃત છે અને રાજ્ય આવા નિયમો દ્વારા નિયમોના ભંગના કિસ્સામાં દંડ નક્કી કરી શકે છે જે રૂ. ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૬ એવો જનાદેશ આપે છે કે ૧૮૯૯ ના અધિનિયમ હેઠળ બનાવેલા તમામ નિયમો સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે અને પ્રકાશન પર, નિયમોની અસર એવી રહેશે કે જાણે ૧૮૯૯ ના અધિનિયમ દ્વારા ઘડવામાં આવ્યા હોય અને વધુમાં કે, રાજ્ય સરકાર દ્વારા આ ૧૮૯૯ ના અધિનિયમ હેઠળ બનાવેલ દરેક નિયમ શક્ય તેટલી વહેલી તકે રાજ્યના વિધાનમંડળ સમક્ષ મૂકવામાં આવશે.

૨૫ ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૬–એ ચોક્કસ સત્તાઓની સોંપણી માટેની જોગવાઈ કરે છે અને તે અનુસાર, રાજ્ય સરકાર, સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા, ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૨(૯), ૩૩(૩)(બી), ૭૦(૧), ૭૪ અને ૭૮ દ્વારા તેને આપવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તાઓ ચીફ કંટ્રોલિંગ રેવેન્યુ ઓથોરિટીને સોંપી શકે છે; અને વધુમાં, ચીફ કંટ્રોલિંગ રેવેન્યુ ઓથોરિટીને આપવામાં આવેલી સત્તાઓ નોટિફિકેશનમાં નિર્દિષ્ટ કર્યા મુજબ હોઈ શકે છે.

૨૬ ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૪ થી ૭૬એ નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવી છે:

> "**૭૪. સ્ટેમ્પોના વેચાણ અંગે નિયમો બનાવવાની સત્તા.**–– [રાજ્ય સરકાર] નિયંત્રણ માટે નિયમો બનાવી શકે છે–

(એ) સ્ટેમ્પો અને સ્ટેમ્પ કરેલા કાગળોનો પુરવઠો અને વેચાણ,

(બી) જે વ્યક્તિઓ દ્વારા જ આવું વેચાણ કરવામાં આવશે, અને

(સી) આવી વ્યક્તિઓની ફરજો અને મહેનતાણું: પરંતુ આવા નિયમો દસ નયા પૈસા અથવા પાંચ નયા પૈસાના ચોંટાડવાના સ્ટેમ્પોના વેચાણને મર્યાદિત કરશે નહીં.

**૭૫. સામાન્ય રીતે અધિનિયમનો અમલ કરવા નિયમો બનાવવાની સત્તા–** [રાજ્ય સરકાર] સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવી શકે છે, અને આવા નિયમો દ્વારા દંડ નિર્ધારિત કરી શકે છે, જે તેના ભંગ બદલ પાંચસો રૂપિયાથી વધુ ન હોવો જોઈએ.

**૭૬. નિયમોનું પ્રકાશન.–** [(૧) આ અધિનિયમ હેઠળ બનાવેલા તમામ નિયમો સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે.]

(૨) આ કલમ દ્વારા જરૂરિયાત મુજબ પ્રકાશિત તમામ નિયમો, આવા પ્રકાશન પર, આ અધિનિયમ દ્વારા ઘડવામાં આવ્યા હોય તેવી અસર ધરાવશે.

[(૩) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલો દરેક નિયમ, તે બન્યા પછી શક્ય તેટલી વહેલી તકે, રાજ્યના વિધાનમંડળ સમક્ષ મૂકવામાં આવશે.]

**[૭૬એ. ચોક્કસ સત્તાઓની સોંપણી.–** [રાજ્ય સરકાર, સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા], સોંપી શકે છે–

(એ) કલમ ૨(૯), ૩૩(૩)(બી), ૭૦(૧), ૭૪ અને ૭૮ દ્વારા તેને આપવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તાઓ ચીફ કંટ્રોલિંગ રેવેન્યુ–ઓથોરિટીને; અને

(બી) કલમ ૪૫(૧),(૨), ૫૬ (૧) અને ૭૦ (૨) દ્વારા ચીફ કંટ્રોલિંગ રેવેન્યુ–ઓથોરિટીને આપવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તાઓ નોટિફિકેશનમાં નિર્દિષ્ટ કરી શકાય તેવા તાબેદાર રેવેન્યુ–ઓથોરિટીને.]"

**ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની જોગવાઈઓ**

૨૭ અમે હવે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળની પ્રસ્તુત જોગવાઈઓ પર આવીએ છીએ. "યોગ્ય રીતે સ્ટેમ્પ કરેલ" અને "છાપેલો સ્ટેમ્પ" શબ્દોની વ્યાખ્યાઓ ૧૯૫૮ ના અધિનિયમની અનુક્રમે કલમ ૨(એચ) અને ૨(કે) માં સમાવવામાં આવેલ છે. ૧૯૫૮ ના અધિનિયમનું પ્રકરણ–૮ પૂરક જોગવાઈઓ સાથે વ્યવહાર કરે છે. કલમ ૬૯ સ્ટેમ્પોના વેચાણ અંગે નિયમો બનાવવાની સત્તા સાથે વ્યવહાર કરે છે. કલમ ૭૦ રાજ્યને સામાન્ય રીતે ૧૯૫૮ ના અધિનિયમના હેતુને પૂર્ણ કરવા માટે નિયમો બનાવવાની સત્તા આપે છે. કલમ ૭૧ પૂરી પાડે છે કે તમામ નિયમો સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવાના

રહેશે અને કલમ ૭૨ રાજ્ય સરકારને તેમાં દર્શાવેલ ચોક્કસ સત્તાઓ સોંપવાની સત્તા આપે છે. આ જોગવાઈઓ ૧૮૯૯ ના અધિનિયમ હેઠળની કલમ ૭૪ થી ૭૬એ માં સમાવિષ્ટ જોગવાઈઓને સમાન અને સરખી છે. ૧૯૫૮ ના અધિનિયમની સદર જોગવાઈઓ એટલે કે કલમ ૬૯ થી ૭૨ નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવી છે:–

***"૬૯. સ્ટેમ્પોના વેચાણ અંગે નિયમો બનાવવાની સત્તા. રાજ્ય સરકાર,– નિયંત્રિત કરવા માટે નિયમો બનાવી શકે છે,***

(એ) સ્ટેમ્પો અને સ્ટેમ્પ કરેલા કાગળોનો પુરવઠો અને વેચાણ,

(બી) જે વ્યક્તિઓ દ્વારા જ આવું વેચાણ કરવામાં આવશે, અને

(સી) આવી વ્યક્તિઓની ફરજો અને મહેનતાણું:

[પરંતુ આવા નિયમો દસ નયા પૈસા અથવા પાંચ નયા પૈસાના ચોંટાડવાના સ્ટેમ્પોના વેચાણને મર્યાદિત કરશે નહીં.]

***૭૦. સામાન્ય રીતે અધિનિયમના હેતુને પૂર્ણ કરવા નિયમ બનાવવાની સત્તા–*** રાજ્ય સરકાર સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવી શકે છે, અને આવા નિયમો દ્વારા દંડ નિર્ધારિત કરી શકે છે, જે તેના ભંગ બદલ કોઈપણ કિસ્સામાં પાંચસો રૂપિયાથી વધુ ન હોવો જોઈએ.

૭૧. નિયમોનું પ્રકાશન.–(૧) આ અધિનિયમ હેઠળ બનાવેલા તમામ નિયમો સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે.

(૨) આ કલમ દ્વારા જરૂરિયાત મુજબ પ્રકાશિત તમામ નિયમો, આવા પ્રકાશન પર, આ અધિનિયમ દ્વારા ઘડવામાં આવ્યા હોય તેવી અસર ધરાવશે.

***૭૨. ચોક્કસ સત્તાઓની સોંપણી.*** – રાજ્ય સરકાર સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા સોંપી શકે છે– (એ) કલમ ૨ (એફ), ૩૩ (૩) (બી), ૬૪, ૬૯ અને ૭૫ દ્વારા તેને આપવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તાઓ ચીફ કંટ્રોલિંગ રેવેન્યુ ઓથોરિટીને; અને (બી) કલમ ૪૪, ૫૩ (૧) અને ૬૪ (૨) દ્વારા ચીફ કંટ્રોલિંગ રેવેન્યુ ઓથોરિટીને આપવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તાઓ નોટિફિકેશનમાં નિર્દિષ્ટ કરી શકાય તેવા તાબેદાર રેવેન્યુ ઓથોરિટીને."

## ગુજરાત રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા નિયમો

૨૮ ગુજરાત સરકારે ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૧૦, ૧૮, ૩૭, ૪૯, ૫૫ અને ૭૫ અને ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૧૦, ૧૮, ૩૬, ૪૭ અને ૭૦ હેઠળ તેને આપેલી સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાત સ્ટેમ્પ નિયમો, ૧૯૭૮ ઘડી કાઢ્યા.

૨૯ વધુમાં, ગુજરાત સરકારે કોર્ટ ફીઝ એક્ટ, ૧૮૭૦ ની કલમ ૩૪, બોમ્બે કોર્ટ ફીઝ એક્ટ, ૧૯૫૯ ની કલમ ૪૫, ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૪ અને ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૬૯ અને ૭૦ દ્વારા આપેલી સત્તાઓનો ઉપયોગ કરીને સ્ટેમ્પોના પુરવઠા અને વેચાણને નિયંત્રિત કરવા માટે તેમજ જેમના દ્વારા આવું વેચાણ કરવામાં આવનાર હતું તેવા વ્યક્તિઓ નક્કી કરવા અને આવી વ્યક્તિઓની ફરજો અને મહેનતાણું નિર્ધારિત કરવા માટે ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ બનાવ્યા.

૩૦ વધુમાં ૨૦૧૪ માં, ગુજરાત સરકારે, ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૧૦ સાથે વાંચવામાં આવતી કલમ ૨(કે)(૪)(૧૦) દ્વારા આપેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઈ–સ્ટેમ્પ્સ સર્ટિફિકેટ જારી કરીને ઈ–સ્ટેમ્પિંગ મારફતે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી માટેની જોગવાઈ કરતા નિયમો બનાવ્યા જેને ગુજરાત સ્ટેમ્પ (ઈ–સ્ટેમ્પિંગ દ્વારા ડ્યુટીની ચુકવણી) નિયમો, ૨૦૧૪ (જેને હવે પછી "૨૦૧૪ ના નિયમો" તરીકે ઓળખવામાં આવશે) તરીકે ઓળખવામાં આવે છે. આ નિયમોને કોઈપણ પક્ષકાર દ્વારા અથવા આ અરજીઓ મારફતે પણ ક્યારેય પડકારવામાં આવ્યા ન હતા. એકમાત્ર પડકાર ભૌતિક સ્વરૂપમાં ગેર–ન્યાયિક સ્ટેમ્પ પેપર્સને નાબૂદ કરવા સામે છે.

૩૧ ૨૦૧૪ ના નિયમોએ ઈ–સ્ટેમ્પિંગ મારફતે ડ્યુટીની ચુકવણી માટેની સંપૂર્ણ પદ્ધતિ, સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીની સ્થાપના તેમજ અધિકૃત કલેક્શન સેન્ટરોની નિમણૂક નક્કી કરી છે. સંક્ષિપ્તમાં, ૨૦૧૪ ના નિયમોની યોજના અને

તેના હેઠળ પૂરી પાડવામાં આવેલી પદ્ધતિ નીચે મુજબ વિગતવાર જણાવવામાં આવી છે.

૩૧.૧ ૨૦૧૪ ના નિયમોના ભાગ–૧ માં નિયમ ૧ અને ૨ નો સમાવેશ થાય છે. નિયમ ૧ નિયમોને નામો આપે છે અને તે તેમના પ્રકાશનની તારીખથી અમલમાં આવશે; નિયમ ૨ વ્યાખ્યાઓ આપે છે.

૩૧.૨ ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૨ સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીનો સંદર્ભ આપે છે જેમાં નિયમ ૩ થી ૮ નો સમાવેશ થાય છે. નિયમ ૩ સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સી તરીકે નિમણૂક માટેની પાત્રતા આપે છે; નિયમ ૪ સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીની નિમણૂક માટેની જોગવાઈ કરે છે; નિયમ ૫ નિમણૂકની મુદત માટેની જોગવાઈ કરે છે; નિયમ ૬ સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સી દ્વારા નિષ્પાદિત કરવાના કરાર અને અંડરટેકિંગ અને ક્ષતિપૂર્તિ બોન્ડ માટેની જોગવાઈ કરે છે; નિયમ ૭ સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીની નિમણૂકની સમાપ્તિ માટેની જોગવાઈ કરે છે અને નિયમ ૮ સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીની નિમણૂકના નવીકરણ માટેની જોગવાઈ કરે છે.

૩૧.૩ ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૩ નિયમ ૯, ૧૦ અને ૧૧ નો સમાવેશ કરે છે જે સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીની ફરજો, સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીને મળવાપાત્ર કમિશન અને ડિસ્કાઉન્ટ, સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ

એજન્સીઓ દ્વારા ઉપયોગમાં લેવાના સોફ્ટવેરના વિશિષ્ટતાઓ સાથે વ્યવહાર કરે છે.

૩૧.૪ તે જ રીતે ૨૦૧૪ ના નિયમોનો ભાગ ૪ નિયમ ૧૨ થી ૧૮ નો સમાવેશ કરે છે જે અધિકૃત કલેક્શન સેન્ટરોની નિમણૂક અને પાત્રતા સાથે વ્યવહાર કરે છે. નિયમ ૧૪ જોગવાઈ કરે છે કે સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીઓ પણ સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી એકત્રિત કરવા માટે હકદાર રહેશે; નિયમ ૧૫ મંજૂર કરાયેલ મધ્યસ્થીઓ એટલે કે અધિકૃત કલેક્શન સેન્ટરો દ્વારા જાળવવામાં આવતા માળખાકીય સુવિધાઓ માટેની જોગવાઈ કરે છે; નિયમ ૧૬ મંજૂર કરાયેલ મધ્યસ્થીઓ દ્વારા વહન કરવાના માળખાકીય સુવિધાના ખર્ચ માટેની જોગવાઈ કરે છે; નિયમ ૧૭ જોગવાઈ કરે છે કે રાજ્ય સંબંધિત સરકારી વિભાગોની કચેરી માટે જરૂરી હાર્ડવેર અને માળખાકીય સુવિધાઓ પૂરી પાડશે અને નિયમ ૧૮ અધિકૃત કલેક્શન સેન્ટરોની એજન્સીની સમાપ્તિ માટેની જોગવાઈ કરે છે. ૨૦૧૪ ના નિયમોના ભાગ ૫ માં નિયમ ૧૯ નો સમાવેશ થાય છે જે સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સીને ડિસ્કાઉન્ટ સમાયોજિત કર્યા પછી બીજા કામકાજના દિવસે સરકારી ખાતામાં સ્ટેમ્પ ડ્યુટી જમા કરાવવાની આવશ્યકતા પૂરી પાડે છે. ૨૦૧૪ ના નિયમોનો ભાગ ૬ નિયમ ૨૦ થી ૩૪ નો સમાવેશ કરે છે જે ઈ–સ્ટેમ્પ સર્ટિફિકેટ જારી કરવાની પ્રક્રિયા સાથે વ્યવહાર કરે છે. ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૭ નિયમ ૩૫ અને ૩૬ નો સમાવેશ કરે છે જે ઈ–સ્ટેમ્પ્સના રદ્દીકરણ અને રિફંડ સાથે વ્યવહાર કરે છે. ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૮

નિયમ ૩૭ થી ૪૧ નો સમાવેશ કરે છે જે સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સી અને મંજૂર કરાયેલ મધ્યસ્થીઓની શાખાઓ અને કચેરીના સરકારી અધિકારીઓ દ્વારા સિસ્ટમના પ્રદર્શનની તપાસ, ઓડિટ અને મૂલ્યાંકન માટેની જોગવાઈ કરે છે. ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૯ નિયમ ૪૨ થી ૪૬ નો સમાવેશ કરે છે જે સેન્ટ્રલ રેકોર્ડ કીપિંગ એજન્સી અને અધિકૃત કલેક્શન સેન્ટરો દ્વારા કરવામાં આવતી ક્ષતિઓ અને ઉલ્લંઘનો માટેના દંડ સાથે વ્યવહાર કરે છે. ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૧૦ નિયમ ૪૭ અને ૪૮ નો સમાવેશ કરે છે જે મધ્યસ્થતા ગોઠવણ માટેની જોગવાઈ કરે છે. નિયમ ૪૯ થી ૫૩ નો સમાવેશ કરતો ભાગ–૧૧ જાહેર વ્યાજબી નિવારણ પ્રણાલી  માટેની જોગવાઈ કરે છે. ૨૦૧૪ ના નિયમોનો ભાગ–૧૨ નિયમ ૫૪ નો સમાવેશ કરે છે જે મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ અને ડિસિઝન સપોર્ટ સિસ્ટમ સાથે વ્યવહાર કરે છે. નિયમ ૫૫ નો સમાવેશ કરતો ભાગ–૧૩ તિજોરી વિભાગની ભૂમિકા માટેની જોગવાઈ કરે છે. નિયમ ૫૬ અને ૫૭ નો સમાવેશ કરતો ભાગ ૧૪ સત્તાઓની સોંપણી અને બચત અને રદ્દીકરણ અંગેની જોગવાઈ કરે છે. ૨૦૧૪ ના નિયમોમાં વિવિધ કરારોના પરિશષ્ટિઓ અને ફોર્મેટ્સ અને અન્ય સંબંધિત માહિતી પણ સમાવિષ્ટ છે.

૩૨ ગુજરાત સરકારે ઈ–પેમેન્ટ સાધન મારફતે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી પૂરી પાડવા માટે ૨૦૧૭ માં પણ નિયમો ઘડ્યા છે જેને "ધી ગુજરાત સ્ટેટ ઈ–પેમેન્ટ ઓફ સ્ટેમ્પ ડ્યુટી રૂલ્સ, ૨૦૧૭" (જેને હવે પછી "૨૦૧૭ ના નિયમો" તરીકે ઓળખવામાં આવશે) તરીકે શીર્ષક આપવામાં આવ્યું છે.

૩૩ વધુમાં, તારીખ ૨૩.૮.૨૦૧૯ ના ગેઝેટ નોટિફિકેશન મારફતે, ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૧૦, ૬૯ અને ૭૦ સાથે વાંચવામાં આવતી કલમ ૨(કે)(૪) દ્વારા આપેલી સત્તાઓનો ઉપયોગ કરીને ૨૦૧૪ ના નિયમોમાં વિહરમાન નિયમ ૧૩ ને બદલવામાં આવ્યો હતો. એ.સી.સી. તરીકે નિમણૂક માટે નિયમ ૧૩ નીચે મુજબ વંચાય છે:

*"નિયમ ૧૩. એ.સી.સી. તરીકે નિમણૂક માટેની પાત્રતા– (i) નિયમ ૧૨ હેઠળ નિમણૂક સત્તાધિકારીની પૂર્વ મંજૂરીને આધીન રહીને કોઈપણ શેડ્યુલ્ડ બેંક, નાણાકીય સંસ્થા અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત સાહસ, પોસ્ટ ઓફિસ, પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, બંદર પરના સી એન્ડ એફ એજન્ટ્સ, કોમન સર્વિસ સેન્ટર {ઈ–ગવર્નન્સ પ્લાન (એનઈજીપી) હેઠળ કાર્યરત}, આરબીઆઈ રજિસ્ટર્ડ નોન બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી) અને પરવાના ધરાવતા નોટરી.*

*(ii) સરકાર સાથે પૂર્વ પરામર્શ કરીને નિયમ ૧૨ હેઠળ નિમણૂક સત્તાધિકારીની પૂર્વ મંજૂરીને આધીન રહીને કોઈપણ વ્યક્તિ/એજન્સી એ.સી.સી. તરીકે નિમણૂક માટે પાત્ર હોઈ શકે છે."*

૩૪ વધુમાં, નોટિફિકેશન તારીખ ૭.૯.૨૦૧૯ થી, ગુજરાત સરકારે, ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૨(કે) અને ૧૦ સાથે વાંચવામાં આવતી કલમ ૬૯

અને ૭૦ અને ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૧૦ સાથે વાંચવામાં આવતી કલમ ૭૪ હેઠળ આપેલી સત્તાઓનો ઉપયોગ કરીને ૧૯૮૭ ના નિયમોમાં નિયમ ૮એ ઉમેર્યો, જે નીચે મુજબ વંચાય છે:

*"૮એ. આ નિયમોમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, પરવાના ધરાવતા વેન્ડરે ૧ લી ઓક્ટોબર, ૨૦૧૯ થી અને તે તારીખથી જનતાને સ્ટેમ્પ પેપર પર ઉપસાવેલા અથવા કોતરેલા સ્ટેમ્પો (ભૌતિક ગેર-ન્યાયિક સ્ટેમ્પ પેપર્સ) વેચવાના રહેશે નહીં."*

૩૫ ઉપર જણાવેલ ઉપરાંત, રાજ્ય સરકારે તારીખ ૦૯.૦૯.૨૦૧૯ અને ૧૬.૦૯.૨૦૧૯ ના અન્ય બે પરિપત્રો જારી કર્યા. આ બે પરિપત્રો ૨૩.૦૮.૨૦૧૯ અને ૦૭.૦૯.૨૦૧૯ ના ઉપરના બે નોટિફિકેશનો સાથે સંબંધિત છે. સંક્ષિપ્તમાં, પરિપત્ર તારીખ ૦૯.૦૯.૨૦૧૯ મારફતે જે કરવામાં આવ્યું છે તે તારીખ ૨૩.૦૮.૨૦૧૯ ના નોટિફિકેશનના અનુસંધાનમાં ચોક્કસ માર્ગદર્શિકા બનાવવાનું છે જેના દ્વારા નિયમ ૧૩ ઉમેરવામાં આવ્યો હતો. વધુમાં, પરિપત્ર તારીખ ૧૬.૦૯.૨૦૧૯ મારફતે, જે મેનેજર, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડને સંબોધવામાં આવ્યો હતો તેમાં તારીખ ૦૭.૦૯.૨૦૧૯ ના નોટિફિકેશન ધ્યાને લેતાં ગેર-ન્યાયિક સ્ટેમ્પ પેપરોના વેચાણને બંધ કરવાના કારણે ઊભી થયેલી મુશ્કેલીઓને નિવારવા માટે હાથ ધરવાની પ્રક્રિયા પૂરી પાડવામાં આવી હતી.

૩૬ આ તારીખ ૨૩.૦૮.૨૦૧૯, ૦૭.૦૯.૨૦૧૯, ૦૯.૦૯.૨૦૧૯ અને ૧૬.૦૯.૨૦૧૯ ના નોટિફિકેશનો જ છે જે આ અરજીઓમાં પડકાર હેઠળ છે.

૩૭ રાજ્યએ માત્ર સામા સોગંદનામા દ્વારા જ નહીં પરંતુ વધુ સોગંદનામા પણ દાખલ કરીને તેનો પ્રતિભાવ રજૂ કર્યો છે. અરજદારોએ પણ જવાબો દાખલ કર્યા છે. અમે રેકોર્ડ પરની રજૂઆતો તેમજ પક્ષકારોના વિદ્વત્ વકીલશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી લેખિત દલીલોનું અવલોકન કર્યું છે.

**અરજદારો વતી કરવામાં આવેલી દલીલો**

૩૮ રીટ પિટિશન નં. ૧૬૨૨૧ / ૨૦૧૯ અને ૧૬૩૭૦ / ૨૦૧૯ માં અરજદારોના વિદ્વત્ વકીલશ્રી બી. એમ. માંગુકિયા દ્વારા તેમની લેખિત ટૂંકી નોંધમાં રજૂ કર્યા મુજબની દલીલો નીચે મુજબ છે:

૩૮.૧ આ નામદાર અદાલતની વિચારણા માટે ઊભો થતો મુદ્દો સંકુચિત દ્રષ્ટિકોણમાં છે એટલે કે, શું સરકાર ગૌણ વિધાન ની તેની સત્તાનો ઉપયોગ કરીને છાપેલા અથવા ઉપસાવેલા સ્ટેમ્પ પેપર (ભૌતિક સ્ટેમ્પ પેપર) ના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે સક્ષમ અને/અથવા સશક્ત છે.

૩૮.૨ ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૨કે અને ૧૦ સાથે વાંચવામાં આવતી કલમ ૬૯ અને કલમ ૭૦ અને ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૧૦ સાથે વાંચવામાં આવતી કલમ ૭૪ દ્વારા આપેલી સત્તાઓના કથિત ઉપયોગમાં સદર સુધારો લાવવામાં આવ્યો છે. ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૨કે છાપેલા

સ્ટેમ્પને વ્યાખ્યાયિત કરે છે જેમાં યોગ્ય અંકિત અધિકારી દ્વારા ચોંટાડવામાં આવેલા અથવા છાપવામાં આવેલા લેબલ અથવા સ્ટેમ્પ પેપર પર ઉપસાવેલા અથવા કોતરેલા સ્ટેમ્પ અથવા ફ્રેન્કિંગ મશીનો દ્વારા છાપ અથવા ઈ–સ્ટેમ્પિંગ સિસ્ટમ અથવા અન્ય કોઈ સિસ્ટમ હેઠળ જારી કરાયેલ પહોંચ ચલણ અથવા સર્ટિફિકેટનો સમાવેશ થાય છે. કલમ ૧૦ સ્ટેમ્પના નિયમનની સત્તા આપે છે. ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૬૯ સ્ટેમ્પના વેચાણના સંદર્ભમાં નિયમ બનાવવાની સત્તા પૂરી પાડે છે. ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૭૦ નિયમ બનાવવાની અવશેષ સત્તાઓ પૂરી પાડે છે, જેથી સરકાર ૧૯૫૮ ના અધિનિયમની જોગવાઈનો અમલ કરવા માટે સક્ષમ બની શકે.

૩૮.૩ રાજ્યને આપેલી સત્તા જે રાજ્યને સ્ટેમ્પના વેચાણ અને પુરવઠાને નિયંત્રિત કરવા માટે નિયમો ઘડવાની મંજૂરી આપે છે, તેને સ્વીકાર્યા વિના દલીલ ખાતર કે નિયંત્રિત કરવાની સત્તા પ્રતિબંધિત કરવાની સત્તા પણ પૂરી પાડે છે, આવી સત્તાઓ ૧૯૫૮ ના અધિનિયમની જોગવાઈઓને અમલમાં મૂકવાના હેતુ માટે વાપરી શકાય છે તેથી, આવી સત્તાઓ પૂરક બનાવવા માટે વાપરી શકાય છે, તેને બદલવા માટે નહીં.

૩૮.૪ નિયમો ઘડવા માટે સરકારની ક્ષમતા નક્કી કરવા માટે, નામદાર અદાલતને તપાસ કરવા માટે વિનંતી કરવામાં આવી શકે છે કે –

[૧] શું સકારાત્મક સત્તા આપવામાં આવી છે?

[૨] શું ૧૯૮૭ ના નિયમોનો નિયમ ૮એ પૂરક તરીકે વૈધાનિક જોગવાઈઓને અમલમાં મૂકના હેતુ માટે સામાન્ય સત્તાના કથિત ઉપયોગમાં ઘડવામાં આવ્યો છે?

[૩] શું ક્ષતિગ્રસ્ત નોટિફિકેશન મૂળ કાયદાની જોગવાઈની બહાર છે અને તેથી, બદલવાના સ્વરૂપમાં છે?

[૪] શું નિયંત્રિત કરવાની સત્તામાં પ્રતિબંધિત કરવાની સત્તાનો સમાવેશ થાય છે?

૩૮.૫ ક્ષતિગ્રસ્ત નોટિફિકેશનમાં દર્શાવ્યા મુજબની તમામ વૈધાનિક જોગવાઈઓને બાજુ બાજુમાં રાખીને, તે સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે ભૌતિક સ્ટેમ્પોના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે રાજ્ય સરકારને કોઈ સકારાત્મક સત્તા આપવામાં આવી નથી.

૩૮.૬ તે પણ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે ૧૯૮૭ ના નિયમોમાં નિયમ ૮એ ઉમેરીને રાજ્ય સરકાર દ્વારા સત્તાનો ઉપયોગ કરીને, સરકારે કાયદાની જોગવાઈ અને તેના હેઠળ બનાવેલા નિયમોના અમલીકરણ માટે કોઈ પૂરક સત્તા પૂરી પાડી નથી. તેનાથી વિપરીત, વાસ્તવિક પરિસ્થિતિ અલગ છે.

૩૮.૭ ૧૯૮૭ ના નિયમોનો નિયમ ૮એ મૂળ કાયદાની જોગવાઈઓની બહાર જાય છે, જો કે સ્ટેમ્પ પેપર દ્વારા ડ્યુટીની ચુકવણીના સંબંધમાં વ્યાખ્યા અને નિયમનકારી સત્તામાં કોઈ ફેરફાર થયો નથી. નિયમોના નિયમ ૮એ

ઉમેરીને, સરકારે વિવિધ વ્યાખ્યાઓ અને કલમ ૨એચ, ૨કે અને અધિનિયમના ૧૦ અને ભારતીય સ્ટેમ્પ અધિનિયમની કલમ ૨ ના ખંડ ૧૧ અને ૧૨ હેઠળ વિચારાયેલી સત્તાઓમાં સુધારો કર્યો છે.

૩૮.૮ ૧૯૮૭ ના નિયમોનો નિયમ ૮એ ઉમેરીને, કલમ ૨એચ ચોંટાડવાનો શબ્દ દૂર કરીને સુધારેલ છે, જ્યારે કલમ ૨કે (૧) યોગ્ય અંકિત અધિકારી દ્વારા ચોંટાડવામાં આવેલ કે છાપવામાં આવેલ લેબલ (૨) સ્ટેમ્પ પેપર પર ઉપસાવેલ અથવા કોતરવામાં આવેલ સ્ટેમ્પ રદ કરીને સુધારેલ છે.

૩૮.૯ તેથી, રાજ્ય સરકાર દ્વારા ગૌણ કાયદાકીય સત્તાના ઉપયોગ દ્વારા, વાસ્તવમાં રાજ્ય સરકારે ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૨એચ અને ૨કે માં સુધારો કરીને પૂર્ણ કાયદાકીય સત્તા નો ઉપયોગ કર્યો છે. ભારતીય સ્ટેમ્પ અધિનિયમમાં પણ સમાન અસર આપવામાં આવી છે કારણ કે બંને અધિનિયમોની જોગવાઈઓ સમાન બાબત માં છે. તેથી, ૧૯૮૭ ના નિયમોના નિયમ ૮એ ના કારણે, રાજ્ય સરકારે માત્ર રાજ્ય અધિનિયમમાં જ સુધારો કર્યો નથી પરંતુ સેન્ટ્રલ એક્ટમાં પણ સુધારો કર્યો છે. રાજ્યને ભારતના બંધારણની ૭ મી અનુસૂચિની સૂચિ ૧ અને/અથવા સૂચિ ૨ માં સૂચિબદ્ધ વિષયમાં કાયદો ઘડવાની સત્તા નથી. તેથી, નિયમોનો નિયમ ૮એ અતિ–અધિકાર છે કારણ કે તે કાયદામાં સુધારો કરે છે. રાજ્યએ ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૨એચ વાંચતી વખતે કેસસ ઓમિસસ ઊભો કર્યો છે.

૩૮.૧૦ એવી રજૂઆત કરવામાં આવે છે કે રાજ્યએ ૧૯૫૮ ના અધિનિયમની જોગવાઈઓને પૂરક બનાવવા માટે સત્તાનો ઉપયોગ કર્યો નથી. તે બદલવા નું જ શુદ્ધ કાર્ય છે જેના પરિણામે કાયદામાં સુધારો થયો છે.

૩૯ રીટ પિટિશન નં. ૧૬૫૪૫ / ૨૦૧૯ અને ૨૦૨૯૭ / ૨૦૧૯ ના અરજદારોના વિદ્વત્ વકીલશ્રી ધવલ વ્યાસે ચાર પાસાઓ પર રજૂઆતો કરી છે, જે નીચે મુજબ છે:

[એ] પ્રતિબંધ ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ હેઠળ સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી માટે ગતિરોધ ઊભો કરશે

[બી] રાજ્ય વિધાનમંડળે તેની સત્તા મર્યાદા વટાવી છે અને ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ અને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ નિયમ બનાવવાની સત્તાની બહાર કામ કર્યું છે

[સી] ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ (સુધારા) નિયમો ૨૦૧૯ અતિ–અધિકાર છે અને ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ અને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની જોગવાઈઓથી વિપરીત છે

[ડી] પરવાના ધરાવતા વૈધાનિક વેન્ડરોની વૈધાનિક યોજનાને કરાર દ્વારા બદલવામાં આવી છે

[ઈ] વૈધાનિક ડિસ્કાઉન્ટ કરાર આધારિત કમિશન દ્વારા બદલાઈ જાય છે.

૪૦ [એ] પર તેમની રજૂઆતો વિસ્તૃત કરતી વખતે, શ્રી વ્યાસે નીચે મુજબ રજૂઆત કરી:

૪૦.૧ ભારતના બંધારણની કલમ ૨૪૬, અન્ય બાબતોની સાથે, સંસદને સાતમી અનુસૂચિમાં યાદી ૧ (કેન્દ્રીય યાદી તરીકે ઓળખાયેલ) માં ગણાવેલી કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા પ્રદાન કરે છે. અનુસૂચિ ૭, યાદી ૧ ની નોંધ ૯૧ નીચે મુજબ વંચાય છે:

> "૯૧. વિનિમય પત્રો , ચેક, પ્રોમિસરી નોટ્સ, બિલ્સ ઓફ લેડિંગ, લેટર્સ ઓફ ક્રેડિટ, વીમા પોલિસીઓ, શેરની ફેરબદલી, ડિબેન્ચર્સ, પ્રોક્સી અને રસીદોના સંબંધમાં સ્ટેમ્પ ડ્યુટીના દરો."

૪૦.૨ બંધારણની કલમ ૨૪૬ અન્ય બાબતોની સાથે સાતમી અનુસૂચિની યાદી ૧ માં સંદર્ભિત કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની સંસદની સત્તા પૂરી પાડે છે. 'ના સંબંધમાં' શબ્દ એ વિસ્તરણનો શબ્દ છે અને તેનો ઉપયોગ વ્યાપક અર્થમાં થાય છે, અને તેનો અર્થ વિશાળ છે. સાતમી અનુસૂચિ એ ક્ષેત્રોનો સંદર્ભ આપે છે જેમાં વિધાનમંડળ કાયદો ઘડી શકે છે અને આવા ક્ષેત્રોને વ્યાપક અને વ્યાપક અર્થઘટન આપવું જોઈએ જેથી આકસ્મિક, પ્રાસંગિક અને સહાયક બાબતોનો સમાવેશ કરી શકાય.

૪૦.૩ કાયદો બનાવવાની પ્રાથમિક ફરજ સંસદ દ્વારા જ બજાવવામાં આવી છે પરંતુ સ્ટેમ્પ ડ્યુટી કયા સંજોગોમાં એકત્રિત કરવામાં આવશે તે નક્કી

કરવા માટે સત્તા સોંપણી  નો આશરો લેવામાં આવ્યો છે. ઇન્ડિયન સ્ટેમ્પ એક્ટ, ૧૮૯૯ ની કલમ ૭૪ અને ૭૫, અન્ય બાબતોની સાથે, સ્ટેમ્પવાળા પેપર્સ પર સ્ટેમ્પના પુરવઠા અને વેચાણ સંબંધિત નિયમો બનાવવાની સત્તા રાજ્ય વિધાનમંડળને સોંપે છે.

૪૦.૪ ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૭૬ આ અધિનિયમની અનુસૂચિ ૨ ની કૉલમ ૩ માં દર્શાવેલા કાયદાઓને રદ કરે છે. પ્રસ્તુત રદ્દીકરણ નીચે મુજબ વંચાય છે:

અનુસૂચિ–૨

રદ કરવામાં આવેલા કાયદાઓ

(કલમ ૭૬ જુઓ)

| **વર્ષ** | **નં.** | **કાયદાઓ** | **રદ્દીકરણનો વ્યાપ** |
|---|---|---|---|
| | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૮૯૯ | ૧૧ | ધ ઈન્ડિયન સ્ટેમ્પ એક્ટ, ૧૮૯૯, બોમ્બેના પુનર્ગઠન પૂર્વના રાજ્યને તેની અરજીમાં, ટ્રાન્સફર કરાયેલા પ્રદેશોને બાદ કરતાં અને વિદર્ભ ક્ષેત્ર અને બોમ્બે રાજ્યના કચ્છ વિસ્તારને બાદ કરતાં. | ભારતના બંધારણની સાતમી અનુસૂચિની સૂચિ I ની એન્ટ્રી ૯૧ માં નિર્દિષ્ટ દસ્તાવેજોને સંબંધિત છે તે સિવાયનું તમામ. |
| ૧૮૯૯ | ૧૧ | ધ ઈન્ડિયન સ્ટેમ્પ એક્ટ, ૧૮૯૯ જેમ બોમ્બે રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારને લાગુ કરવામાં આવ્યો છે | ભારતના બંધારણની સાતમી અનુસૂચિની સૂચિ I ની એન્ટ્રી ૯૧ માં નિર્દિષ્ટ દસ્તાવેજોને સંબંધિત છે તે સિવાયનું તમામ. |

૪૦.૫ બે કાયદાઓ એટલે કે કેન્દ્રીય કાયદો અને રાજ્ય કાયદો, વિવિધ લેખો માટે ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીના સંદર્ભમાં કાયદાઓનું સંચાલન કરે છે અને તેમાં કોઈ ઓવરલેપ (અતિવ્યાપ્તિ) નથી.

૪૦.૬ ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૫ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને રાજ્ય વિધાનમંડળે ધ ગુજરાત સ્ટેમ્પ રૂલ્સ, ૧૯૭૮ ઘડી કાઢ્યા છે અને ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૪ હેઠળ સોંપાયેલી સત્તાઓનો ઉપયોગ ધ ગુજરાત સ્ટેમ્પ્સ સપ્લાય એન્ડ સેલ્સ રૂલ્સ, ૧૯૮૯ ઘડીને કર્યો છે. સ્વીકાર્યપણે, ઉપરોક્ત બે નિયમોમાંથી એક પણ નિયમ ઈ–સ્ટેમ્પિંગ મારફતે ડ્યુટીની ચુકવણીને અધિકૃત કરતો નથી, જે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ ધ ગુજરાત સ્ટેમ્પ (ઈ–સ્ટેમ્પિંગ મારફતે ડ્યુટીની ચુકવણી) નિયમો, ૨૦૧૪ તરીકે ઘડાયેલા નિયમોના અલગ સમૂહ દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.

૪૦.૭ ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ કે ગુજરાત સ્ટેમ્પ નિયમો, ૧૯૭૮ કે ગુજરાત સ્ટેમ્પ્સ સપ્લાય એન્ડ સેલ્સ રૂલ્સ, ૧૯૮૭ (૧) ભૌતિક સ્ટેમ્પો, (૨) ચોંટાડવાના સ્ટેમ્પો અથવા ન્યાયિક સ્ટેમ્પો સિવાય ઈ–સ્ટેમ્પિંગ અથવા અન્ય કોઈ પદ્ધતિ મારફતે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી માટે જોગવાઈ કરતા નથી, જ્યારે ઈ–સ્ટેમ્પિંગ નિયમો, ૨૦૧૪ ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ હેઠળ સંચાલિત દસ્તાવેજો માટે ઈ–સ્ટેમ્પિંગ મારફતે ડ્યુટીની ચુકવણીને અધિકૃત કરતા નથી.

૪૦.૮ સુધારેલા નિયમ ૮એ ની અસરથી રાજ્ય વિધાનમંડળે ભૌતિક સ્ટેમ્પ મારફતે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ માંથી સોંપાયેલી સત્તાઓ હેઠળ ઘડવામાં આવેલા

ઈ–સ્ટેમ્પિંગ નિયમોની ગેરહાજરીમાં; અને નિયમો, ૧૯૭૮ અને ૧૯૮૭ ઈ–સ્ટેમ્પિંગ મારફતે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણીનું સંચાલન કરતા ન હોવાથી, વિધાનમંડળે ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ હેઠળ ડ્યુટીને પાત્ર હોય તેવા લેખો પર સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી માટે ગતિરોધ ઊભો કર્યો છે.

૪૧ શ્રી વ્યાસની બીજી રજૂઆત [બી] ઓછાવત્તા અંશે તે જ છે જે શ્રી માંગુકિયા દ્વારા રજૂ કરવામાં આવી છે, તેથી તેને અલગથી નોંધવામાં આવતી નથી.

૪૨ ત્રીજી રજૂઆત [સી] પર આવતાં શ્રી વ્યાસે શ્રી માંગુકિયા દ્વારા કરવામાં આવેલી રજૂઆતો ઉપરાંત નીચે મુજબ રજૂઆત કરી:

૪૨.૧ વધુમાં, ૧૯૮૭ ના નિયમોના નિયમ ૩ અને ૬ નીચે મુજબ જોગવાઈ કરે છે:

*નિયમ ૩ આ નિયમોના હેતુઓ માટે સ્ટેમ્પોને વિભાજિત કરવામાં આવે છે.– છાપેલા સ્ટેમ્પો, જેમાં સમાવિષ્ટ છે–*

*(એ) યોગ્ય અંકિત અધિકારી દ્વારા ચોંટાડવામાં આવેલા અને છાપવામાં આવેલા લેબલો*

*(બી) સ્ટેમ્પ પેપર પર ઉપસાવેલા અને કોતરેલા સ્ટેમ્પો*

*ચોંટાડવાના સ્ટેમ્પો–*

*વર્ગ (૧) (એ) ના સ્ટેમ્પો સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, અમદાવાદની કચેરી ખાતેથી અને રાજ્યના તમામ ડિસ્ટ્રિક્ટ ટ્રેઝરી ઓફિસર અને સબ–ટ્રેઝરી ઓફિસર ખાતેથી મેળવી શકાશે અને આવા લેબલો ગુજરાત સ્ટેમ્પ નિયમો, ૧૯૭૮ ના નિયમ ૯ થી ૧૨ માં દર્શાવ્યા મુજબ ચોંટાડવાના અને છાપવાના રહેશે.*

*વર્ગ (૧) (બી) અને વર્ગ (૨) ના સ્ટેમ્પો હવે પછી નિર્દિષ્ટ કરેલી પદ્ધતિ મુજબ વેન્ડરો દ્વારા જનતાને વેચવામાં આવશે.*

*નિયમ ૬ (૧) કલેક્ટર અથવા રાજ્ય સરકાર દ્વારા આ અર્થે સશક્ત કરાયેલ અન્ય કોઈ અધિકારી, નીચેની જરૂરિયાતો પૂર્ણ કરતી વ્યક્તિઓને એક વર્ષની મુદત માટે પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરો તરીકે નિમણૂક કરી શકશે:–*

*૨૧ વર્ષથી ઓછી નહીં અને ૪૦ વર્ષથી વધુ વય ન હોવી જોઈએ*

*માધ્યમિક શાળા અંતિમ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ:*

*પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિધવા અથવા પરિત્યક્તા સ્ત્રી અને દિવ્યાંગ વ્યક્તિના ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષ સુધીની છૂટછાટ આપી શકાશે.*

*પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડર તરીકે નિમણૂક પામેલી વ્યક્તિએ નોકરી મળતાં જ સંબંધિત સત્તામંડળને પોતાનો પરવાનો સરેન્ડર કરવાનો રહેશે.*

*તેણે સદર હેતુ માટે ઓછામાં ઓછી રૂ. ૮,૦૦૦/- ની ન્યૂનતમ રકમનું રોકાણ કરવું પડશે. પરંતુ જ્યાં નિમણૂક સત્તાધિકારીને સંતોષ થાય, ત્યાં વિધવા અથવા પરિત્યક્તા સ્ત્રી, દિવ્યાંગ અને શિક્ષિત બેરોજગાર વ્યક્તિના કિસ્સામાં રોકાણની સીમા રૂ. ૫,૦૦૦/- સુધી હળવી કરી શકાશે:*

*[***]*

*પરંતુ અમદાવાદ શહેરમાં સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સની બનેલી કમિટી વેચાણના સરેરાશ આંકડા અને પ્રશ્ન હેઠળના વિસ્તારની વસ્તીના આધારે દર બે વર્ષે ચોક્કસ વ્યક્તિઓને એક વર્ષની મુદત માટે પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરો તરીકે નક્કી કરશે:*

*પરંતુ રાજ્યના અન્ય શહેરો અને જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટર તેમના દ્વારા નક્કી કરાયેલા અન્ય અધિકારીઓની બનેલી કમિટીની રચના કરશે અને વેચાણના સરેરાશ આંકડા અને પ્રશ્ન હેઠળના વિસ્તારની વસ્તીના આધારે દર બે વર્ષે દરેક સ્થળ કે વિસ્તાર માટે પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરોની*

સંખ્યા વિભાજિત કરશે અને ચોક્કસ વ્યક્તિઓને એક વર્ષની મુદત માટે પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરો તરીકે નિમણૂક કરશે.

(૧–એ) કલેક્ટર અથવા રાજ્ય સરકાર દ્વારા આ અર્થે સશક્ત કરાયેલ અન્ય કોઈ અધિકારી પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડર તરીકે આવી વ્યક્તિને વિધિવત સહી કરેલો અને સિક્કો મારેલો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડેલો ઓળખકાર્ડ જારી કરશે. પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરે વેચાણના સ્થળે આ ઓળખકાર્ડ હંમેશા પોતાની સાથે રાખવાનું રહેશે.]

(૨) પેટા–કલમ (૧) હેઠળ આપવામાં આવેલ દરેક પરવાનો પરિશિષ્ટ ૨ માં નાણાકીય વર્ષના અંતે વધુ એક વર્ષની મુદત માટે રિન્યૂ કરી શકાશે:

પરંતુ જ્યારે પરવાના ધરાવતા વેન્ડરે આમાંના કોઈપણ નિયમોનો ભંગ કર્યો હોય અથવા સ્ટેમ્પોનો પૂરતો સ્ટોક જાળવવામાં નિષ્ફળ ગયો હોય અથવા પોતાની પાસે સ્ટોક પડ્યો હોવા છતાં ચોક્કસ પ્રકારના કે ફેસ વેલ્યુના સ્ટેમ્પો વેચવાનો ઈનકાર કર્યો હોય અથવા નિયમ ૧૪ ના પેટા–નિયમ (૩) માં જોગવાઈ કર્યા મુજબ સ્ટોક રજિસ્ટર જમા કરાવવામાં નિષ્ફળ ગયો હોય, તો પરવાનો રિન્યૂ કરવા માટે સક્ષમ સત્તાધિકારી પરવાનો રિન્યૂ કરવાનો ઈનકાર કરી શકશે.

૪૨.૨ આ નિયમો જનતાને નિયમ ૩ ના વર્ગ ૧ (બી) ના સ્ટેમ્પો વેચવા માટે પરવાના ધરાવતા વેન્ડરો તરીકે વ્યક્તિઓની નિમણૂક માટેની વૈધાનિક યોજના પૂરી પાડે છે. નિયમ ૮એ ની અસરથી આ સંપૂર્ણ યોજના નિરર્થક બની જાય છે.

૪૩ શ્રી વ્યાસની ચોથી રજૂઆત [ડી] નીચે મુજબ છે:

૪૩.૧ સ્ટેમ્પોના વેચાણ માટે વૈધાનિક યોજનાને કરાર આધારિત પદ્ધતિ દ્વારા બદલવા માટે કોઈ તર્ક આપમેળ પૂરો પાડવામાં આવ્યો નથી. અધિનિયમ અને તેના હેઠળના નિયમો સ્ટેમ્પો વેચવા માટે અધિકૃત અને અધિનિયમ અને નિયમો હેઠળ વૈધાનિક રીતે નિયંત્રિત પરવાના ધરાવતા વેન્ડરોની નિમણૂક માટેની વૈધાનિક યોજના પૂરી પાડે છે, જેને મૂળ જોગવાઈઓમાં સુધારો કર્યા વિના આવા સુધારા દ્વારા છોડી દેવામાં આવી છે. ભૌતિક સ્ટેમ્પોના વેચાણ પર પ્રતિબંધ મૂકીને અને નિયમો, ૨૦૧૪ હેઠળ ઈ–સ્ટેમ્પિંગ મારફતે તેને બદલીને રાજ્ય અને સીઆરએ વચ્ચે અને ત્યારબાદ સીઆરએ અને એસીસી વચ્ચે બે સ્તરીય કરાર આધારિત સંબંધ દ્વારા સ્થાપિત જોગવાઈઓને અસ્થિર કરશે. એસીસીની વ્યાખ્યા વિસ્તૃત કરવી એ ૧૯૮૭ ના નિયમોના નિયમ ૬ થી વિપરીત છે કારણ કે પાત્રતા અને અન્ય વૈધાનિક નિયમનકારી જોગવાઈઓ નિરર્થક બની જાય છે. આ ફેરબદલી અધિનિયમ હેઠળ માન્ય નથી અને તેથી તે મનસ્વી અને અધિનિયમની જોગવાઈઓથી અતિ–અધિકાર અને અધિનિયમ હેઠળ સોંપાયેલ નિયમ બનાવવાની સત્તાની બહાર છે. કુલ પ્રતિબંધની

પૃષ્ઠભૂમિમાં સુધારેલી વ્યાખ્યા એ કોર્પોરેટ્સને ફેવર કરવાનો પ્રયાસ છે, જેઓ પરવાના ધરાવતા વેન્ડરોના નુકસાને લાભાર્થી બનશે.

૪૩.૨ ભારત સરકાર તરફથી બિન–વૈધાનિક પત્રવ્યવહાર વૈધાનિક નિયમો ઘડવા માટે માન્યતા આપવા કે આધાર બની શકે નહીં.

૪૪ શ્રી વ્યાસની પાંચમી રજૂઆત [ઈ] નીચે મુજબ છે:

૪૪.૧ ૧૯૮૭ ના નિયમોનો નિયમ ૧૨ પરિશિષ્ટ III માં નિર્દિષ્ટ દરો પર પરવાના ધરાવતા વેન્ડરના ડિસ્કાઉન્ટના હકનો અધિકાર પૂરો પાડે છે. પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરને ડિસ્કાઉન્ટના વૈધાનિક હકને સીઆરએ દ્વારા એસીસીને કરાર આધારિત ચુકવણી દ્વારા બદલવામાં આવ્યો છે, જે સદર કંપનીના નિર્દેશકોના ઠરાવ અનુસાર લેખો પર ઘટીને ૧૪.૯૫ પૈસા થઈ ગયો છે. સદર કંપનીના ડિરેક્ટરોના ઠરાવનો ઉલ્લેખ કરવા સિવાય, તેના સમર્થનમાં કોઈ તર્ક પૂરો પાડવામાં આવ્યો નથી, ખાસ કરીને કારણ કે હવે દરેક એસીસી પાસે પ્રિન્ટ જનરેટ કરવા માટે એક સ્થાપના અને માળખાકીય સુવિધાઓ હોવી જરૂરી છે, ભૌતિક સ્ટેમ્પોથી વિપરીત જેમાં વેન્ડરો દ્વારા કોઈ રોકાણની જરૂર ન હતી.

૪૪.૨ નમ્ર રજૂઆતમાં, સુધારો લાવવા માટેનો કથિત પ્રશંસનીય હેતુ મૂળ અધિનિયમ હેઠળ યોગ્ય સત્તાની ગેરહાજરીમાં નિયમોને માન્ય કરશે નહીં, નિયમો, ૧૯૮૭ અને નિયમો, ૨૦૧૪ હેઠળ સુધારો એ સોંપણીની મર્યાદા

વટાવવાનું પરિણામ છે, અને મૂળ અધિનિયમોથી અતિ–અધિકાર અને વિપરીત છે, અને મનસ્વી છે, તેથી તેને રદ કરી શકાય છે.

૪૫ રીટ પિટિશન (પીઆઇએલ) નં. ૧૭૦ / ૨૦૧૯ માં ઉપસ્થિત થયેલા વિદ્વત્ વકીલશ્રી વિશ્વાસ શાહ, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૬૫૩૯ / ૨૦૧૯ માં ઉપસ્થિત થયેલા વિદ્વત્ વકીલશ્રી અર્પિત કાપડિયાએ મુખ્યત્વે શ્રી માંગુકિયા અને શ્રી વ્યાસની દલીલો અપનાવી છે, જો કે, તેમણે કેટલાક ચુકાદાઓ પર ભરોસો મૂક્યો છે, જેની સાથે અમે ચુકાદાના પછીના ભાગમાં વ્યવહાર કરીશું.

**રાજ્ય વતી કરવામાં આવેલી દલીલો**

૪૬ અરજદારોના વિદ્વત્ વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના જવાબમાં, વિદ્વત્ સહાયક સરકારી વકીલશ્રી ઐશ્વર્યા ગુપ્તા દ્વારા સહાયિત વિદ્વત્ સરકારી વકીલશ્રી મનીષા લવકુમાર શાહે નીચે મુજબ રજૂઆત કરી:

૪૬.૧ નિયમ ૮એ ઉમેરીને ૧૯૮૭ ના નિયમોમાં સુધારો લાવવામાં રાજ્યએ તેની સત્તાની મર્યાદામાં રહીને કામ કર્યું છે.

૪૬.૨ અરજદારોની રજૂઆતનો સમગ્ર આધાર એ હદે ગેરસમજભર્યો છે કે ૧૯૮૭ ના નિયમોનો નિયમ ૮એ ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૨(કે) માં ઉલ્લેખિત સ્ટેમ્પોની ચાર શ્રેણીઓમાંથી કોઈને પણ દૂર કરતો નથી.

૪૬.૩ અરજદારો દ્વારા આક્ષેપ કરાયા મુજબ કોઈ પ્રતિબંધ નથી કારણ કે ઉપસાવેલા/કોતરેલા સ્ટેમ્પો ન્યાયિક સ્ટેમ્પ પેપર્સ તરીકે ઉપયોગમાં લેવાનું ચાલુ જ છે.

૪૬.૪ કલમ ૨(કે) માં ૧૯૫૮ ના અધિનિયમના મૂળ ઘડતરમાં ઉભા હતા તેમ છાપેલા સ્ટેમ્પોની શ્રેણી ઉપરાંત, ફ્રેન્કિંગ અને ઈ–સ્ટેમ્પિંગ હેઠળ મેળવેલી પહોંચ ચલણ અથવા સર્ટિફિકેટની બે વધારાની શ્રેણીઓ કોઈપણ પડકાર વિના એક દાયકાથી વધુ સમયથી અસ્તિત્વમાં છે. આજે પણ તે પડકાર હેઠળ નથી.

૪૬.૫ ૧૯૫૮ ના અધિનિયમની કલમ ૬૯ અને ૧૮૯૯ ના અધિનિયમની કલમ ૭૪ હેઠળ રાજ્યને આપવામાં આવેલી નિયમ બનાવવાની સત્તા સ્ટેમ્પ અને સ્ટેમ્પ પેપરોના પુરવઠા અને વેચાણને નિયંત્રિત કરવા માટે સ્પષ્ટપણે જોગવાઈ કરે છે. રાજ્યએ યોગ્ય રીતે અને તેના અધિકારક્ષેત્રમાં રહીને સત્તાનો ઉપયોગ કર્યો છે અને ૧૯૮૭ ના નિયમોમાં નિયમ ૮એ ઉમેર્યો છે.

૪૬.૬ ઈલેક્ટ્રોનિક સ્ટેમ્પિંગ ઉમેરવાનો હેતુ તેલગી કૌભાંડ પછી ઉદ્ભવ્યો હતો જ્યારે ભારત સરકારે તારીખ ૨૮.૧૨.૨૦૦૫ ના પત્રવ્યવહાર મારફતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્ટેમ્પ ડ્યુટી એકત્રીકરણની ઈલેક્ટ્રોનિક પદ્ધતિની અમુક પદ્ધતિ બનાવવાના તેના હેતુઓથી માહિતગાર કર્યા હતા. હેતુઓ કપટપૂર્ણ પ્રથાઓને અટકાવવા, એક સુરક્ષિત અને વિશ્વસનીય

સ્ટેમ્પ ડ્યુટી એકત્રીકરણ પદ્ધતિ ઊભી કરવા અને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં માહિતી સંગ્રહિત કરવા અને સેન્ટ્રલ ડેટા રિપોઝિટરી ઊભી કરવાનો હતો.

૪૬.૭ દલીલોની કાર્યવાહી દરમિયાન વિદ્વત્ સરકારી વકીલશ્રી દ્વારા ઈ–સ્ટેમ્પિંગની વિવિધ સુરક્ષા સુવિધાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

૪૬.૮ કેન્દ્ર સરકાર સમયાંતરે રાજ્યોને ઈ–સ્ટેમ્પિંગના અમલીકરણ માટે પ્રાથમિકતા આપવા અને જરૂરી પગલાં લેવા વિચારણા કરવા અને ઈ–સ્ટેમ્પિંગને ફરજિયાત બનાવવા માટે પણ વિનંતી કરતી રહી છે.

